# પેટ્રોલ, ડીઝલના ભાવમાં લિટરે રૂ. ૩નો વધારો

**દૂધ** પછી હવે પેટ્રોલ મોંઘું, અનેક શહેરોમાં સીએનજીના ભાવમાં પણ કિલોએ રૂ. બેનો વધારો

**ઘરેલુ** એલપીજી, પીએનજીના ભાવમાં હાલ કોઇ વધારો નહીં, વિપક્ષના સરકાર પર પ્રહાર



નવી દિલ્હી, તા. 15 (PTI): ઈરાન યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડના વધતા ભાવોને પગલે, સરકારી માલિકીની ઈંધણ રિટેલર કંપનીઓને મહિનાઓ સુધી મહત્વના રાજ્યોની ચૂંટણીઓ દરમિયાન ભાવો સ્થિર રાખ્યા બાદ પોતાનું વધતું નુકસાન આંશિક રીતે ગ્રાહકો પર નાખવાની ફરજ પડી છે. આ કારણે શુક્રવારે ચાર વર્ષ કરતાં વધુ સમયમાં પહેલીવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વધારા સાથે નવી દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૪.૭૭ રૂપિયા પ્રતિ લીટરથી વધીને ૯૭.૭૭ રૂપિયા થઈ ગઈ છે, જ્યારે ડીઝલનો ભાવ ૮૭.૬૭ રૂપિયાથી વધીને ૯૦.૬૭ રૂપિયા પ્રતિ લીટર થયો છે. વેલ્યુ-એડેડ ટેક્સ(વેટ) માં તફાવત હોવાને કારણે અલગ-અલગ રાજ્યોમાં

...અનુસંધાન પાના 11 પર

### પેટ્રોલની નિકાસ પર પહેલીવાર વિન્ડફોલ ટેક્સ

સરકારે ઇંધણની નિકાસ અંગેના ટેક્સ માળખામાં મહત્વના ફેરફારો કર્યા છે. શુક્રવારે જાહેર કરાયેલા નવા આદેશ અનુસાર, પશ્ચિમ એશિયાના યુદ્ધ સંકટ બાદ પ્રથમ વખત પેટ્રોલની નિકાસ પર 3 પ્રતિ લિટરનો વિન્ડફોલ ટેક્સ (SAED) લાદવામાં આવ્યો છે. બીજી તરફ, ડીઝલ પરની નિકાસ ડ્યુટી 23થી ઘટાડીને 16.5 અને વિમાન ઇંધણ (ATF) પર 33થી ઘટાડીને 16 પ્રતિ લિટર કરવામાં આવી છે, જે 16

...અનુસંધાન પાના 11 પર

### આ તો માત્ર શરૂઆત?

તાજેતરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર 3 નો વધારો કરવામાં આવ્યો છે. પરંતુ નિષ્ણાતોનું માનવું છે કે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) જે નુકસાન સહન કરી રહી છે, તે જોતા આ વધારો પૂરતો નથી. આ વધારા બાદ પેટ્રોલ અને ડીઝલના ભાવ મે 2022 પછીના સૌથી ઉંચા સ્તરે પહોંચી ગયા છે. એપ્રિલ 2022થી ઇંધણના ભાવ મોટાભાગે સ્થિર રહ્યા હતા (માત્ર માર્ચ 2024માં

...અનુસંધાન પાના 11 પર

### એપ્રિલ ૨૦૨૨ પછી ભાવો વધારાયા ન હતા

લોકસભા ચૂંટણીના ઠીક પહેલા માર્ચ ૨૦૨૪માં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૨ રૂપિયાના એક વખતનો ઘટાડાને બાદ કરતાં, એપ્રિલ ૨૦૨૨થી ભાવો સ્થિર રાખવામાં આવ્યા હતા. આ અગાઉ છેલ્લે એપ્રિલ ૨૦૨૨માં ભાવો વધારવામાં આવ્યા હતા.

ભારત માટે LPG સપ્લાય અને વ્યૂહાત્મક તેલ ભંડાર અંગે મહત્વની સમજૂતી

## મોદીની 2.5 કલાકની UAE મુલાકાત



**ભારતમાં** પાંચ અબજ ડોલરનું રોકાણ કરવાની યુએઇની જાહેરાત

**મોદીએ** યુએઇ પર થયેલા હુમલાઓ વખોડ્યા

**અઢી કલાકની** મુલાકાત પતાવી મોદી નેધરલેન્ડ જવા રવાના, અન્ય યુરોપિયન દેશોની મુલાકાતે પણ જશે

**અબુ ધાબી, તા. 15:** પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવા માટે ભારત તમામ સંભવિત મદદ કરવા તૈયાર છે, તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે યુએઈના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન સાથેની તેમની

...અનુસંધાન પાના 11 પર

### ભારત-યુએઇ વચ્ચે સાત મહત્વના કરાર

- **વ્યુહાત્મક પેટ્રોલિયમ રિઝર્વ કરાર:**
- **મહત્વ:** ઊર્જા સુરક્ષા વધશે, તેલ ભંડાર મજબૂત થશે, ભારતમાં LNG-LPG સ્ટોરેજ પર સહયોગ સંભવ બનશે.
- LPG સપ્લાય કરાર

...અનુસંધાન પાના 11 પર

## યુએઇમાં મોદીના વિમાનને એફ-૧૬ ફાઇટર જેટ વડે એસ્કોર્ટ કરાયું



**સન્માન** આપવા આમ કરવામાં આવ્યું

**મોદીનું** સ્વાગત કરવા એરપોર્ટ પર પ્રમુખ પોતે આવ્યા

અબુ ધાબી, તા. 15 (PTI): એક વિશેષ સન્માનના ભાગરૂપે, યુનાઈટેડ આરબ અમીરાત (UAE) ના એફ-૧૬ (F-16) ફાઈટર વિમાનોની એક ટુકડીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિમાનને તે શુક્રવારે આ ખાડી દેશના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યું ત્યારે એસ્કોર્ટ કર્યું હતું.

UAEના પ્રમુખ શેખ મોહમ્મદ બિન જાયદ સાથેની તેમની મુલાકાત દરમિયાન મોદીએ જણાવ્યું હતું કે, "આજે તમારી વાયુસેનાએ જે રીતે મને એસ્કોર્ટ કર્યો તે ભારતના લોકો માટે એક સન્માનની વાત છે. છેલ્લા કેટલાક સમયથી આપણે ફોન પર વાત કરી રહ્યા હતા, પરંતુ હું તમને રૂબરૂ મળવા માટે ઉત્સુક હતો. આજે તમને મળીને મને ખૂબ આનંદ થયો છે." રાજ્ય સંચાલિત 'વામ' (WAM) ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, વડાપ્રધાન મોદીને લઈને આવી રહેલું વિમાન જેવું UAE ના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યું, કે

...અનુસંધાન પાના 11 પર

### એક હિન્દુ પક્ષકારની સુપ્રીમમાં કેવિયેટ

**નવી દિલ્હી, તા. 15 (PTI):** એક હિન્દુ પક્ષે શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ દાખલ કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે ભોજશાલા સંકુલ વિવાદ કેસમાં મધ્યપ્રદેશ હાઇકોર્ટના આદેશ સામેની કોઈપણ અપીલ પર તેની સુનાવણી કર્યા વિના કોઈ આદેશ પસાર ન કરવો જોઈએ.

નીચે સહી કરનારને નોટિસ આપ્યા વિના ઉપરોક્ત મામલે કોઈ આદેશ ન આપવો જોઈએ, જિતેન્દ્ર સિંહ 'વિશેન' દ્વારા એડવોકેટ બરુણ કુમાર સિંહા દ્વારા દાખલ કરાયેલી કેવિયેટમાં કહેવામાં આવ્યું

...અનુસંધાન પાના 11 પર

## ભોજશાલાના સ્થળને મંદિર જાહેર કરતી મધ્ય પ્રદેશ હાઈકોર્ટ

**વિવાદિત** સંકુલ 'સરસ્વતી મંદિર' જાહેર, આ સ્થળે મુસ્લિમોને શુક્રવારની નમાઝ પઢવાની છૂટ આપતો ASIનો આદેશ રદ

**મસ્જિદ** બાંધવા માટે અલગ જમીનની માગણી રાજ્ય સરકાર સમક્ષ કરવા મુસ્લિમ સમુદાયને છૂટ

**હાઇકોર્ટના** ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવાની મુસ્લિમ પક્ષકારોની જાહેરાત



ઈન્દોર, તા. 15 (PTI): હિન્દુ પક્ષ માટે એક મોટી જીતમાં, મધ્ય પ્રદેશ હાઈકોર્ટે શુક્રવારે જાહેર કર્યું કે ધાર જિલ્લામાં આવેલું વિવાદિત ભોજશાલા સંકુલ દેવી સરસ્વતીને સમર્પિત એક મંદિર છે, અને કેન્દ્ર સરકાર તથા ASI (ભારતીય પુરાતત્વ વિભાગ) તેના વહીવટ અને સંચાલન અંગે નિર્ણય લઈ શકે છે. હાઈકોર્ટની ઈન્દોર બેન્ચે પુરાતત્વ સર્વેક્ષણ(ASI)ના ૭ એપ્રિલ, ૨૦૦૩ના એ આદેશને પણ રદ કરી દીધો છે, જેમાં મુસ્લિમોને દર શુક્રવારે ભોજશાલા સંકુલની અંદર નમાઝ પઢવાની મંજૂરી આપવામાં આવી હતી. આ મામલાની સુનાવણી કરી રહેલી બેન્ચે એમ પણ કહ્યું કે, મુસ્લિમ સમુદાય – જે આ ૧૧મી સદીના, ASI-સંરક્ષિત સ્મારકને કમાલ મૌલા મસ્જિદ કહેતો હતો – તે જિલ્લામાં મસ્જિદના નિર્માણ

...અનુસંધાન પાના 11 પર

## NEET-UGની ફેર પરીક્ષા ૨૧મી જૂનના રોજ લેવાશે

**આવતા** વર્ષથી આ પરીક્ષા કોમ્પ્યુટર આધારિત ટેસ્ટ તરીકે લેવાની કેન્દ્રીય શિક્ષણ મંત્રીની જાહેરાત

નવી દિલ્હી, ૧૫ મે(PTI): કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને શુક્રવારે જાહેરાત કરી હતી કે NEET-UG ની ફરીથી પરીક્ષા ૨૧ જૂને લેવામાં આવશે, અને જણાવ્યું હતું કે આ તબીબી પ્રવેશ પરીક્ષા સાથે જોડાયેલી ગેરરીતિઓના આરોપોને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલા સુધારાના ભાગરૂપે આગામી વર્ષથી આ પરીક્ષા કોમ્પ્યુટર આધારિત ટેસ્ટ (CBT) તરીકે લેવામાં આવશે.

પત્રકાર પરિષદને સંબોધતા પ્રધાને જણાવ્યું હતું કે સરકારની સૌથી પહેલી પ્રાથમિકતા વિદ્યાર્થીઓ અને તેમનું ભવિષ્ય છે. તેમણે કહ્યું કે NEET-UGના આયોજનમાં સામે આવેલી ગેરરીતિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આપણી સર્વોચ્ચ પ્રાથમિકતા વિદ્યાર્થીઓનું ભવિષ્ય છે. આ વખતે આપણે કોઈ પણ પ્રકારની ગેરરીતિ થવા દઈશું નહીં. સરકાર તમારી સાથે છે એમ તેમણે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ૩ મેના રોજ યોજાયેલી NEET-UG પરીક્ષા પ્રક્રિયામાં ગેરરીતિઓના આક્ષેપો બાદ રદ કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું હતું કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી(NTA)ની ફરિયાદ નિવારણ પ્રણાલી દ્વારા ગેસ પેપર્સ સાથે કથિત રીતે પ્રશ્નો મળી આવવા અંગે વાંધાઓ પ્રાપ્ત થયા પછી આ મુદ્દો પ્રકાશમાં આવ્યો હતો, ત્યારબાદ તપાસ શરૂ કરવામાં આવી હતી.

આ પ્રક્રિયા ૮ મેના રોજ શરૂ થઈ હતી અને ૮, ૯, ૧૦ અને ૧૧ મે સુધી ચાલુ રહી હતી. જ્યારે અમને સ્પષ્ટતા મળી અને ખાતરી થઈ ગઈ કે પ્રશ્નો બહાર આવી ગયા હતા, ત્યારે અમે વિદ્યાર્થીઓના હિતમાં ૧૨ મેના રોજ પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો હતો એમ તેમ તેમણે જણાવ્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે સરકારે આ કેસ CBI ને સોંપી દીધો છે અને તપાસ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

## NEET પેપર લીકના મુખ્ય સૂત્રધારની પુણેમાં ધરપકડ કરાઈ

**કેમિસ્ટ્રીના** પ્રોફેસર પી.વી. કુલકર્ણી વર્ષોથી નીટના પેપરો તૈયાર કરતી પેનલોમાં રહ્યા છે

**પોતાની** પહોંચનો દુરુપયોગ કરીને કુલકર્ણીએ પ્રશ્નો મેળવી લીધા અને ઘરે ખાસ કોચિંગ ક્લાસ ગોઠવીને વિદ્યાર્થીઓને પ્રશ્નો આપી દીધા



નવી દિલ્હી, 15 (PTI): સીબીઆઈએ આ કેસમાં તપાસ શરૂ કર્યાના ત્રણ દિવસમાં જ શુક્રવારે દાવો કર્યો છે કે તેમણે નીટ(NEET) પેપર લીક કેસનો ભેદ ઉકેલી નાખ્યો છે. આ અંતર્ગત પેપર લીકના "મુખ્ય સ્ત્રોત" એવા પુણેના એક પ્રોફેસરની ધરપકડ કરવામાં આવી છે.

અધિકારીઓએ જણાવ્યું કે, લાતુરના રસાયણશાસ્ત્ર વિષયના નિષ્ણાત પ્રોફેસર પી. વી. કુલકર્ણી, જેઓ વર્ષોથી નીટના પ્રશ્નપત્ર તૈયાર કરતી પેનલોમાં સામેલ રહ્યા છે, તેમની પુણેમાં આવેલા તેમના નિવાસસ્થાનેથી ધરપકડ કરવામાં આવી છે. સીબીઆઈના પ્રવક્તાએ જણાવ્યું કે, ઝીણવટભરી પૂછપરછ બાદ પી. વી. કુલકર્ણીની પુણેથી ધરપકડ કરવામાં આવી છે. ગુપ્ત સામગ્રી સુધીની પોતાની વિશેષ પહોંચનો દુરુપયોગ કરીને, કુલકર્ણીએ એપ્રિલના અંતિમ અઠવાડિયામાં પોતાના ઘરે ખાસ કોચિંગ ક્લાસ રાખ્યા હતા અને પોતાના વિદ્યાર્થીઓને એ પ્રશ્નો, વિકલ્પો અને જવાબો લખાવ્યા હતા જે ૩ મેના રોજ લેવાયેલી નીટ યુજી (NEET UG) પરીક્ષાના પેપરમાં આવ્યા હતા.

પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું કે, એપ્રિલ ૨૦૨૬ના છેલ્લા

...અનુસંધાન પાના 11 પર

## વિમાન ભાડાઓને વાજબી બનાવવા કેન્દ્રને સુપ્રીમની હાકલ

**એક જ** રૂટ પર વિવિધ એરલાઇનોના ભાડાઓમાં મોટા તફાવતો અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું, લોકોને રાહત આપવા કહ્યું

નવી દિલ્હી, તા. 15 (PTI): સુપ્રીમ કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે વિમાન ભાડામાં થોડું તર્કસંગતીકરણ થવું જોઈએ અને કેન્દ્ર સરકારને મુસાફરોને રાહત આપવા જણાવ્યું હતું. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠે નોંધ્યું હતું કે એક જ દિવસે, એક જ સેક્ટરમાં ઉડાન ભરતી એક એરલાઈન ચોક્કસ ભાડું વસૂલે છે જ્યારે બીજી એરલાઈન અલગ ભાડું વસૂલે છે. ખંડપીઠે કેન્દ્ર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાને જણાવ્યું કે, આ વિસંગતતાને કારણે લોકોને થોડી રાહત આપવાનો પ્રયાસ કરો. એક જ દિવસે, એક જ સેક્ટરની ફ્લાઈટ્સ માટે, ઈકોનોમી ક્લાસ માટે એક એરલાઈન ૮,૦૦૦ રૂપિયા વસૂલે છે જ્યારે બીજી એરલાઈન ૧૮,૦૦૦ રૂપિયા વસૂલે છે. સોલિસિટર જનરલે જ્યારે જણાવ્યું કે ૨૦૨૪નો નવો કાયદો અમલમાં આવ્યો છે અને સંબંધિત નિયમો અંગે પરામર્શની પ્રક્રિયા ચાલી રહી છે, ત્યારે જસ્ટિસ મહેતાએ કહ્યું, વિમાન ભાડામાં થોડું રેશનલાઈઝેશન થવું જોઈએ. મહેતાએ જણાવ્યું હતું કે સરકાર આ સમસ્યાનો ઈનકાર નથી કરી રહી અને તે આ મુદ્દાને નોન-એડવર્સેરિયલ તરીકે ગણી રહી છે તેમજ તમામ પાસાઓ પર વિચાર કરી રહી છે. ખંડપીઠ સામાજિક કાર્યકર્તા એસ.

...અનુસંધાન પાના 11 પર

## ચાંદીમાં 21,600નો જંગી ઘટાડો

**સોનામાં** 3,200નું ગાબડું, બંને ધાતુઓમાં નિકળેલી નફાવસૂલીની અસર

**ડોલર** મજબૂત થતા રોકાણકારો તેના તરફ વળતા તેની પણ અસર દેખાઇ

નવી દિલ્હી, તા. 15 (PTI): મજબૂત અમેરિકી ડોલર અને રોકાણકારો દ્વારા કરવામાં આવેલી ભારે નફો બુક કરવાની પ્રક્રિયાને કારણે રાષ્ટ્રીય પાટનગરમાં શુક્રવારે ચાંદીના ભાવમાં રૂ. ૨૧,૬૦૦નો મોટો કડાકો બોલાતા તે રૂ. ૨.૭૫ લાખ પ્રતિ કિલો પર પહોંચી ગઈ હતી, જ્યારે સોનાનો ભાવ રૂ. ૩,૨૦૦ ઘટીને રૂ. ૧.૬૨ લાખ પ્રતિ ૧૦ ગ્રામ થયો હતો. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતા સોનાનો ભાવ રૂ. ૩,૨૦૦ અથવા ૧.૯૩ ટકા ઘટીને રૂ. ૧,૬૨,૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામ(તમામ વેરા સહિત) થયો હતો, જે ગુરુવારે

...અનુસંધાન પાના 11 પર





એથર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના નિર્દેશક મંડળે શુક્રવાર, મે ૧૫, ૨૦૨૬ ના રોજ યોજાયેલી નિર્દેશક મંડળની બેઠકમાં ૩૧/૦૩/૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ચતુર્થ ત્રિમાસિક અને વાર્ષિક ઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોને મંજૂરી આપી છે.

નાણાકીય પરિણામો સ્ટોક એક્સચેન્જ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઇટ પર ઉપલબ્ધ છે અને કંપનીની વેબસાઇટ પર પણ મૂકવામાં આવ્યા છે, જે નીચે મુજબ જોઈ શકાય છે:

**બીએસઈ લિમિટેડ:**
https://www.bseindia.com/xml-data/corpfiling/AttachLive/c10da651-fcbf-4c0d-930a-4bdf5e6338da.pdf

**નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ:**
https://nsearchives.nseindia.com/corporate/AETHER_15052026162650_Results.pdf

**કંપની વેબસાઈટ:**
https://aether.co.in/wp-content/uploads/2026/05/Financials%20Q4%20FY%202025-26.pdf

ઉપરાંત, આપેલા ક્યુ. આર. કોડને સ્કેન કરીને પણ પરિણામો જોઈ શકાય છે.

તારીખ: ૧૫ મે, ૨૦૨૬
સ્થળ : સુરત

એથર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી
સહી/-
અશ્વિન જયંતીલાલ દેસાઈ
મેનેજિંગ ડિરેક્ટર
(ડી આઈ એન: 00038386)


## ચોમાસુ આ વર્ષે ચાર દિવસ વહેલું શરૂ થશે

**કેરળમાં** ૨૬મી મેએ નૈઋત્યનું ચોમાસુ આવી પહોંચવાની હવામાન વિભાગની આગાહી

નવી દિલ્હી, 15 (PTI): ભારતીય હવામાન વિભાગ (IMD) એ શુક્રવારે તેની આગાહીમાં જણાવ્યું છે કે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૨૬ મેના રોજ કેરળમાં વહેલું દસ્તક દે તેવી સંભાવના છે. મુખ્ય વરસાદી પ્રણાલી ગણાતું ચોમાસું સામાન્ય રીતે ૧ જૂનની આસપાસ કેરળ પહોંચે છે અને દેશના અન્ય ભાગોને આવરી લેવા માટે ઉત્તર તરફ આગળ વધે છે. રાજ્યમાં ચોમાસાની શરૂઆત એ દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ઋતુ (જૂનથી સપ્ટેમ્બર)ની શરૂઆત દર્શાવે છે. ગયા વર્ષે ૨૪ મેના રોજ ચોમાસાનું આગમન થયું હતું. IMD એ જણાવ્યું કે, આ વર્ષે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું મોડલની ૪ દિવસની મોડેલ એરર(ચાર દિવસ વહેલા અથવા મોડું) સાથે ૨૬ મેના રોજ કેરળમાં બેસે તેવી સંભાવના છે. હવામાન કચેરીએ વધુમાં ઉમેર્યું હતું કે આગામી ૨૪ કલાક દરમિયાન દક્ષિણ બંગાળની ખાડી, આંદામાન સમુદ્ર અને આંદામાન અને નિકોબાર ટાપુઓના કેટલાક ભાગોમાં ચોમાસું આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ છે. IMD એ જણાવ્યું કે, "ભારતીય મુખ્ય ભૂમિ પર દક્ષિણ-પશ્ચિમ ચોમાસાનું આગળ વધવું એ કેરળમાં ચોમાસાના આગમન દ્વારા ચિહ્નિત થાય છે અને તે ગરમ અને સૂકી ઋતુમાંથી ચોમાસાની ઋતુમાં સંક્રમણ દર્શાવતો એક મહત્વપૂર્ણ સંકેત છે." તેમણે ઉમેર્યું, "જેમ જેમ ચોમાસું ઉત્તર તરફ આગળ વધશે તેમ તેમ તે વિસ્તારોમાં કાળઝાળ ઉનાળાના તાપમાનમાંથી રાહત મળશે. ચાર

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૫-૦૫-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૬.૪° સે. | ૨૭.૪° સે. | ૭૦% |


TORRENT POWER

**વીજપ્રવાહ બંધ રહેવા બાબત**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૧૮/૦૫/૨૦૨૬, સોમવાર : ડાયમંડ પાર્ક ઈન્ડ. (વરાછા), ઓમકાર હાઉ. સોસાયટી (વેડ રોડ)
- ૧૯/૦૫/૨૦૨૬, મંગળવાર: જાપાન માર્કેટ (રિંગ રોડ), અંબિકા ડાયમંડ ઈન્ડ. (એલ.એચ. રોડ)
- ૨૦/૦૫/૨૦૨૬, બુધવાર : સંભવ ટેક્સટાઇલ માર્કેટ, બાગ-એ-હીરા (મસ્જિદ), સેલિબ્રિટી
- ૨૧/૦૫/૨૦૨૬, ગુરુવાર : જય લક્ષ્મી (ગોપીપુરા), શેત્રુંજય (ગોપીપુરા), એલજી-૧
- ૨૨/૦૫/૨૦૨૬, શુક્રવાર : રીજન્ટ ટેક્સટાઇલ માર્કેટ નં.૨, સ્માર્ટ હોમ (સલાબતપુરા), પાંડોલ ઈન્ડ. નં.૫ (વેડ રોડ)
- ૨૩/૦૫/૨૦૨૬, શનિવાર : સિદ્ધિ વિનાયક નં.૨ (વેડ રોડ), સરદાર પટેલ (ડભોલી રોડ), જય નારાયણ ઈન્ડ. નં.૪ - આંજણા

**અસુવિધા બદલ દિલગીર છીએ**

**Door step services are available for senior & Differently Abled citizens**
Request to call on **19128 (Toll Free) / 0261-2551912 / 9099991912**
or mail to **connect.srt@torrentpower.com**
WhatsApp 8141970070